STD- 7
SUB- ગુજરાતી

**મોડેલ પેપર : 2016**

MARKS- 80
તારીખ :–

**પ્ર.1 નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો : [25]**

1. 'અખબાર' શબ્દ મૂળ કઈ ભાષાનો છે ?
   (a) હિન્દી (b) અરબી (c) હિબ્રુ (d) ઉર્દૂ
2. અંગ્રેજીમાં 'સમાચાર' માટે કયો શબ્દ છે ?
   (a) ન્યૂઝ (b) મેટર (c) ઈન્ફરમેશન (d) ઈવેન્ટ
3. અંગત કે સંસ્થાલક્ષી સમાચારની કોલમને શું કહે છે ?
   (a) પ્રેસનોટ (b) પ્રિન્ટિંગ નોટ (c) ન્યૂઝ નોટ (d) ઈવેન્ટ નોટ
4. કવિ કોની જોડ નહિ જડે, એમ કહે છે ?
   (a) પિતાની (b) જન્મભૂમિની (c) માતાની (d) માસીની
5. કવિએ માતાને કોના પ્રેમની પૂતળી કહી છે ?
   (a) વિશ્વના (b) પિતાના (c) પ્રભુના (d) મામાના
6. કવિ માતાની જાતને કોનાથી જુદી ગણે છે ?
   (a) જગથી (b) લોકોથી (c) સ્ત્રીજાતથી (d) માનવજાતથી
7. એક સાંજે ન્યાયામના વર્ગમાં જવામાં ગાંધીજી કોનાથી છેતરાયા ?
   (a) વાદળાંથી (b) વ્યાયામના શિક્ષકથી (c) ઘડિયાળથી (d) મિત્રથી
8. સારા અક્ષર શીખવા ગાંધીજી કઈ બાબતને અગત્યની ગણે છે ?
   (a) હુન્નરકળા (b) ચિત્રકળા (c) શિલ્પકળા (d) રંગકળા
9. 'હાઈસ્કૂલમાં' પાઠ ગાંધીજીના કયા પુસ્તકમાંથી લીધો છે ?
   (a) સત્યના પ્રયોગો (b) નવલકથા (c) બાપુના પત્રો (d) ગીતાબોધ
10. કયાંના ખારવા–ખલાસી જગમશહૂર છે ?
   (a) જલાલપોરના (b) પોરવાડના (c) ભીમપોરના (d) ચોરવાડના
11. વાડી, ગાડી અને લાડીમાં કોણે જિંદગી ધૂળધાણી કરી છે ?
   (a) ફિરંગીઓએ (b) સુરતીલાલાઓએ (c) વલંદાઓએ (d) ફરાંસિયાઓએ
12. કયો મોગલ બાદશાહ સુરતના લાકડીપુલથી જહાજમાં બેસી મક્કે હજ કરવા ગયો હતો ?
   (a) અકબર (b) શાહજહાં (c) જહાંગીર (d) ઔરંગઝેબ
13. હિન્દી કવિએ કયા શહેરને 'ભારતનું થર્મોપોલી' કહ્યું છે ?
   (a) કામરેજ (b) વરછા (c) માંડવી (d) બારડોલી
14. માત્રાવાળા દરબાર કયા ગામમાં રહેતા હતા ?
   (a) મોણપરી (b) મોગલવાડી (c) મોરપરી (d) માણવર
15. નવા શિકારની લાલચે મગરે શું કર્યું ?
   (a) ઊંડા પાણીમાં જવા લાગ્યો (b) સાવધ થઈ ગયો
   (c) છીછરા પાણીમાં આવ્યો (d) સૂઈ ગયો
16. સિંહને લોહીલુહાણ થઈને ઢળી પડયો જોઈ કોનું હૃદય દ્રવી ઊઠયું ?
   (a) પક્ષીઓનું (b) મગરનું (c) દરબારનું (d) લોકોનું
17. દરબારના ઘરની કોણ ચોકી કરતું હતું ?
   (a) દરબાન (b) કૂતરો (c) સિંહ (d) નોકર
18. કવિએ સવારને કોના જેવી કહી છે ?
   (a) વર્ણ જેવી (b) ફૂલો જેવી (c) સોના જેવી (d) ઉષા જેવી
19. ટશરો કયાં ફૂટી છે ?
   (a) ફૂલમાં (b) સૂર્યમાં (c) આંખોમાં (d) પાનમાં
20. 'સોના જેવી સવાર' કાવ્યના કવિનું નામ જણાવો.
   (a) ચંદ્રકાન્ત શેઠ (b) દલપતરામ્ (c) પ્રેમાનંદ (d) દયારામ
21. ધનલાલ શેઠને આંગણે શેની છોળ ઊડતી હતી ?
   (a) મોજ–મસ્તીની (b) લક્ષ્મીની (c) રંગોની (d) પાણીની
22. ધનલાલ શેઠે વહુઓનું પારખું કરવા કયા અનાજના દાણા આપ્યા ?
   (a) ઘઉંના (b) ડાંગરના (c) અડદના (d) તુવેરના
23. ખેરાત વહેંચવાનું કામ કોનું છે ?
   (a) દાનેશ્વરીનું (b) સરકારનું (c) ધનવાનનું (d) ખેડૂતનું
24. જે એકલો જગતની નિંદા સહન કરે છે તેને કવિ કેવો ગણે છે ?
   (a) વીર (b) નિંદક (c) કાયર (d) ભીરુ

Download From : http://www.Edumatireals.in
PANDERI PRIMARY SCHOOL
Download From : http://www.Edumatireals.in

25. ઈર્ષાને કવિએ કોની સાથ સરખાવી છે ?
(a) દુઃખ સાથે  (b) નમ્રતા સાથે  (c) આગ સાથે  (d) સુખ સાથે

**પ્ર.2 (A) સમાનાર્થી શબ્દ લખો : (કોઈપણ ચાર)** **[02]**
સમાચાર, નીર, જંગલ, યાતના, વેકૂર

**(B) વિરોધી શબ્દ લખો : (કોઈપણ ચાર)** **[02]**
સંતોષ, પ્રેમ, સત્ય, નિંદા, મધુર

**(C) જોડણી સુધારો :(કોઈપણ ચાર)** **[02]**
સંસ્કુત, પ્રાચિન, જીંદગી, શીથીલ, શીકાર

**(D) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (કોઈપણ ત્રણ)** **[03]**
(1) વહાણ ચાલાવનાર
(2) ચિનાઈ માટીનાં વાસણો બનાવવાનું કારખાનું
(3) ખૂબ બોલ બોલ કરે તે વ્યકિત
(4) માતાપિતાનું ઘર

**(E) રૂઢિપ્રયોગનો અર્થ આપો, વાકયપ્રયોગ કરો : (કોઈપણ બે)** **[02]**
(1) લાજ જવી.
(2) જીવ બળવો
(3) ખાતર પાડવું

**(F) નીચેના વાકયોનો પ્રકાર ઓળખાવો : (કોઈપણ બે)** **[02]**
(1) તારા ધર્મની ભાષા તું નહી શીખે ?
(2) દરબારની સ્મશાનયાત્રામાં સિંહ પણ જોડાયો !
(3) મારો અભ્યાસ ચાલુ રહયો.

**(G) નીચેના વાકયોમાંથી વિશેષણ શોધી લખો : (કોઈપણ બે)** **[02]**
(1) પિતાજીની સેવા કરવાની ઈચ્છા તીવ્ર હતી.
(2) સાહેબ હજુ આવ્યા ન હોતા.
(3) પીતો તો રસ મિષ્ટ હું ......

**પ્ર.3 (A) નીચેના પ્રશ્નોના એક–બે વાકયમાં જવાબ લખો : (કોઈપણ પંદર)** **[15]**
(1) તમારા ગામમાં કયા કયાં અખબાર આવે છે ?
(2) માતાનાં વેણ કેવાં છે ?
(3) ગાંધીજીને [illegible] કરતાં શાનું વિશેષ દુઃખ હતું ?
(4) ગાંધીજી શાને અધુરી કેળવણીની નિશાની ગણે છે ?
(5) લેખક કોનાં દર્શન કરવા ગિરી – અટારી ચડયા ?
(6) રાજપીપળાથી સુરત કઈ દિશામાં આવેલું છે ?
(7) લેખકના બાળપણના મોચીમામાઓનાં નામ જણાવો.
(8) ઘોડેસવારે ખેડૂતને શું કહયું ?
(9) ચોમાસું પૂરું થતા લોકો કયા કામે લાગ્યાં છે ?
(10) સિંહ પ્રત્યે દરબારનાં પ્રેમ અને તેમની સેવાનું શું પરિણામ આવ્યું ?
(11) કેવાં વૃક્ષ અને માણસ નમે છે ?
(12) જીવરામ ભટ્ટ શાની હોડ કરવાનું કહે છે ?
(13) પ્રકૃતિનાં કયાં – કયાં તત્વો સ્વભાવે કેવી હતી ?
(14) સૌથી નાના દીકરાની વહુ સ્વભાવે કેવી હતી ?
(15) સાચો દાતા કોણ છે ?
(16) ગુપ્તગંગાની જેમ, પહાડ નીચે કઈ ગુપ્તધારા વહે છે ?

Download From : http://www.Edumatireals.in
PANDERI PRIMARY SCHOOL

**(B) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : (કોઈપણ પાંચ)** **[10]**

1. "જનની" કાવ્યના આધારે માના ગુણોનું વર્ણન ત્રણ–ચાર વાકયમાં લખો.
2. ગાંધીજીને કસરત પ્રત્યે શાથી અણગમો હતો ?
3. વૃધ્ધાએ ઘોડેસવારની તરસ છિપાવવા શું કર્યું ?
4. બારડોલીને ભારતનું થર્મોપોલી શા માટે કહે છે ?
5. મગરે સિંહણને શી રીતે મારી નાખી ?
6. કવિએ સવારને 'સોના જેવી સવાર' શા માટે કહી છે ?

**પ્ર.4 (A) નીચેના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે 14 થી 15 વાકયોમાં નિબંધ લખો :** **[07]**

1. નાતાલ
2. એક ભિખારીની આત્મકથા
3. મહાત્મા ગાંધી

**(C) પત્ર** **[05]**

✶ સ્વચ્છતાનું મહત્વ સમજાવતો પત્ર તમારા મિત્રને લખો :

**અથવા**

✶ **વાર્તા**

**મુદ્દાઓ :** લાખો વણજારો – એકવાર પસાની સખત તંગી પડવી – પાળેલા કૂતરાને આડમાં મૂકી નગર શેઠ પાસેથી પૈસા લેવા – નગરમાં શેઠના ભરે ચોરી થવી – કૂતરા દ્વારા ચોરોનું પકડાઈ જવું – શેઠનો આનંદ કૂતરાના ગળે ચીઠ્ઠી બાંધી તેને પાછો મોકલવો – કૂતરાને ભાગી આ[illegible]ની લાખાનું ગુસ્સે થવું – કૂતરાને લાકડીથી મારવું – કૂતરાનું મોત – ચિઠ્ઠી વાંચી – સાર – બોધ.

**(C) નીચેની પંકિતનો છ–સાત વાકયોમાં અર્થવિસ્તાર કરો : (ગમે તે એક)** **[03]**

(1) પાકા ઘડે કાંઠા ચડે નહિ.

**અથવા**

(2) કોયલ નવ દે કોઈને, કરે ન કોનુ કાગ
મીઠા વચનથી સર્વનો, લે કોયલ અનરાગ

**Best of Luck**

Download From : http://www.Edumatireals.in
Download From : http://www.Edumatireals.in
PANDERI PRIMARY SCHOOL
www.Edumatireals.in